# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી આજથી ત્રણ દિવસ માટે રાજ્યની મુલાકાતે.**
2. **કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું, વિકસિત ભારત માટે ગુજરાત વિકાસ એન્જિન બનશે - રાજકોટ VGRCમાં 381 કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર પર હસ્તાક્ષર.**
3. **અમદાવાદના આકાશમાં સર્જાયો રંગોનો ઉત્સવ : સાબરમતી રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો આરંભ.**
4. **રાજ્ય સરકારે ટ્રાફિક બ્રિગેડના જવાનોના દૈનિક માનદ વેતનમાં એક સો પચાસ રૂપિયાનો વધારો કર્યો.**
5. **વર્લ્ડ ટેબલ ટેનિસ ફીડર સિરીઝમાં રાજ્યના માનુષ શાહે પુરુષ સિંગલ્સ ખિતાબ જીત્યો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH VISITS GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ માટે રાજ્યની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી શાહ ઉતરાયણ પર્વ ઉજવણી સહિત અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.

શ્રી શાહ તેમની મુલાકતના પ્રથમ દિવસે આજે અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. તેઓ આજે સવારે માણસા ખાતે **SAG** અને આર્ટસ **&** કોમર્સ કોલેજ દ્વારા નિર્મિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું લોકાર્પણ કરશે ત્યારબાદ પેથાપુર ખાતે રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હેઠળ બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર **BSL** 4નું ભૂમિપૂજન કરશે.

બપોરે શ્રી શાહ અમદાવાદના સનાથલ ખાતે ગ્લોબલ એક્સલન્સની ફાર્માસ્યુટિકલ એકેડેમીનું ખાતમુહૂર્ત કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રી સાંજે આણંદ ખાતે ચરોતર યુનિવર્સિટીના 15માં પદવીદાન સમારંભમાં ઉપસ્થતિ રહેશે અને સંતરામ મંદિરે દર્શન કરી પૂજા અર્ચના કરશે.

શ્રી શાહ આવતીકાલે ઉતરાયણ પર્વ નિમિતે સવારે અમદાવાદના શ્રી જગન્નાથ મંદિરે દર્શન કરી પૂજા અર્ચના કરશે અને ત્યારબાદ તેમના મતવિસ્તારમાં વિવિધ સ્થળોએ પતંગ મહોત્સવમાં ભાગ લઈ પક્ષ કાર્યકરો અને નાગરિકો સાથે પતંગ ઉડાડી આનંદ માણશે.

મુલાકતના અંતિમ દિવસે શ્રી શાહ અમદાવાદમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલિના વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

---

# VGRC MSME PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વિકસિત ભારત 2047 માટે ગુજરાત વિકાસ એન્જિન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – **VGRC**માં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – **MSME**ના સત્રને સંબોધતા શ્રી ગોયલે કહ્યું , વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિકસિત ગુજરાત જરૂરી છે.

## (BYTE: PIYUSH GOYAL, UNION MINISTER)

ગઇકાલે સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે 381 કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર થયા હતા. જેનાથી યુવાનો માટે વધુ રોજગારીનું સર્જન થશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. આ સત્રમાં વૈશ્વિક બજારો માટે સૌરાષ્ટ્રના **MSME**ને તૈયાર કરવાની દિશામાં આંતર-રાષ્ટ્રીય તક પર મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી.

---

# AMRELI GIDC

રાજકોટમાં યોજાયેલી રિજિયોનલ વાઇબ્રન્ટ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા સહિત નવા સાત જિલ્લાઓ માટે સ્માર્ટ **GIDC**ની જાહેરાતના પગલે જિલ્લામાં ઉત્સાહનો માહોલ છે.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે આ જાહેરાત અંતર્ગત સાવરકુંડલાના બોઘરિયાણીમાં **41** હેક્ટર પર પ્રોજેક્ટ વિકસાવાશે . આ

સ્માર્ટ GIDC દ્વારા સૌરાષ્ટ્રમાં ઔદ્યોગિક વિકાસને વેગ મળશે અને ઔદ્યોગિક રોકાણ, સ્થાનિક રોજગાર નિર્માણ અને સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે.

સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાળા સહિતના લોકપ્રતિનિધિઓએ આ જાહેરાતને આવકારી છે, જેનાથી વિસ્તારમાં ઉત્સાહનો માહોલ છે.

---

## INTERNATIONAL KITE FESTIVAL

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ગઇકાલે પ્રારંભ થયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આ કે જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેએત્સ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મોદી અને શ્રી ફ્રેડરિક મેએત્સ અમદાવાદની પોળ અને હવેલીની સ્થાપત્યકલાની પ્રતિકૃતિની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે ગુજરાતના બેડાં રાસ, કુચિપુડી, ભરત નાટ્યમ સહિતની નૃત્યકળા અને મલખમ જેવી પ્રાચીન અંગ કસરત કળા દ્વારા વિશેષ પ્રસ્તુતિના માધ્યમથી બંને દેશના મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા.

પીએમ મોદીએ ઉદયપુરથી આવેલા પ્રવિનકુમારની પતંગ ચગાવી , એનો આનંદ વ્યક્ત કરતાં પ્રવિનભાઈએ આ મુજબ જણાવ્યું

### બાઈટ – પ્રવિણ કુમાર

પતંગ મહોત્સવમાં આજે સાંજે સાત વાગે 108 કલાકારો દ્વારા ભવ્ય સિમ્ફની પ્રદર્શન અને વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કારશે.

---

## INDIA - GERMANY MoU SIGN

ભારત અને જર્મનીએ 19 મહત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને આઠ મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. આમાં દ્વિપક્ષીય સંરક્ષણ ઔદ્યોગિક સહયોગને મજબૂત કરવા માટે સંયુક્ત ઉદ્દેશ્ય ઘોષણા અને વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે સીઈઓ ફોરમની સ્થાપનાનો સમાવેશ થાય છે.

એક પત્રકાર પરિષદને સંબોધતા , ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે જર્મન ચાન્સેલરની ભારત મુલાકાત દરમિયાન , બંને દેશોએ સંરક્ષણ, વેપાર, કૌશલ્ય, ગ્રીન એનર્જી અને લોક સંપર્ક જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર મહત્વપૂર્ણ ચર્ચાઓ કરી હતી.

આ અંગે શ્રી મીશ્રીએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું

**(બાઈટ – વિક્રમ મિશ્રી)**

જર્મની દ્વારા ભારતીય પાસપોર્ટ ધારકો માટે વિઝા-મુક્ત ટ્રાન્ઝિટની જાહેરાત અને ભારતીય આરોગ્યસંભાળ વ્યાવસાયિકોની ભરતી માટે એક નવી પદ્ધતિ ગતિશીલતા માટે મુખ્ય સીમાચિહ્નો છે.

જર્મનીએ નવીનીકરણીય ઉર્જા, ગ્રીન હાઇડ્રોજન અને આબોહવા-સ્થિતિસ્થાપક શહેરી માળખાને ટેકો આપવા માટે ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પાર્ટનરશીપ હેઠળ 1.24 બિલિયન યુરોના ભંડોળની જાહેરાત કરી.

---

# PM – MAHATMA MANDIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત , જર્મની સાથેની મિત્રતા અને ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

અમદાવાદમાં જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સે સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે ભારત અને જર્મની વચ્ચે વધતા વેપાર અને રોકાણ સંબંધોએ વ્યૂહાત્મક ભાગીદારીમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે.

જર્મન મેરીટાઇમ મ્યુઝીયમના સહયોગથી લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરીટેજ કોમ્પલેક્સના વિકાસ માટે એક હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ અંગે શ્રી મોદી કહ્યું કે,

## બાઈટ – પીએમ મોદી,લોથલ

---

# TRAFFIC BRIGADE SALARY HIKE

રાજ્ય સરકારે ટ્રાફિક બ્રિગેડ ( **TRB**)ના જવાનોના દૈનિક માનદ વેતનમાં એક સો પચાસ રૂપિયાનો વધારો કર્યો છે. **TRB** જવાનોના માનદ વેતનમાં 300 રૂપિયાથી વધારીને 450 રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેનો આજથી અમલ કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે , રાજ્યના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાપન માટે ખરા સૈનિક તરીકેની ભૂમિકામાં ટ્રાફિક બ્રિગેડના જવાનો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ટ્રાફિક નિયમનમાં પોલીસને પૂરક બનતા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શરૂ થયેલી આ ટ્રાફિક બ્રિગેડ વ્યવસ્થા આજે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. આ નિર્ણયનો સીધો લાભ રાજ્યના અંદાજે દશ હજારથી વધુ **TRB** જવાનોને મળશે.

---

## SURAT SOG

સુરત સ્પેશિયલ ઑપરેશન ગૃપ – **SOG**-એ પાંચ હજાર રૂપિયાની નકલી ચલણી નોટ સાથે એક વ્યક્તિને પકડ્યો છે.

આ અંગે **SOG**ના **DCP** રાજદીપસિંહ નકુમે કહ્યું, પકડાયેલો આરોપી છેલ્લા એક વર્ષથી બજારમાં નકલી ચલણી નોટની હેરાફેરી કરતો હોવાનું જણાયું છે.

**(BYTE: RAJDINSINH NAKUM, DCP, SOG)**

---

## WORLD TABLE TENNIS FEEDER

વડોદરા શહેરના સમા ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત વર્લ્ડ ટેબલ ટેનિસ ફીડર સિરીઝમાં રાજ્યના માનુષ શાહે પુરુષો સિંગલ્સ ખિતાબ જીત્યો છે.

વર્લ્ડ ટેબલ ટેનિસ ફીડર સિરીઝ તા.**7**થી **11** જાન્યુઆરી દરમિયાન યોજાઇ હતી. ફીડર સિરીઝના અંતિમ દિવસે યોજાયેલી પુરુષો સિંગલ્સની ફાઇનલમાં માનુષ શાહે પાયસ જૈન સામે **7-11, 10-12, 11-6, 11-6, 11-8**થી વિજય મેળવી ખિતાબ જીત્યો.

---